**સુવિચાર**

''મોટી હસ્તી મળે એનાં કરતાં હસતી વ્યક્તિ મળે એ વધુ સારૂં ગણાય.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૬/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૨ વર્ષ : ૧૭ અંક : ૧૫૬


## રાજુલાનાં ખાંભલીયા ગામે શ્વાન પાછળ દોડવા જતાં સિંહણ પર આફત આવી

# અંતે સિંહણ અને શ્વાન બંને કુવામાં ખાબકયા

**પાણી ભરેલ ૫૦ ફૂટ ઊંડા કુવામાં શિકારી સિંહણ અને શિકાર શ્વાન બંને પડી જતાં બંનેનો આબાદ બચાવ**

**શ્વાન અને સિંહણ પાણી ભરેલ કુવામાં ૫ કલાક સુધી રહ્યા છતાં બંને સલામત**

**સિંહણે કુવામાં પડી ગયા બાદ શ્વાનનો શિકાર કરવાનું માંડી વાળ્યુ**

**વન વિભાગે દિલધડક રેસ્કયુ કરીને બંનેને બહાર કાઢીને ઉમદા કાર્ય કર્યુ**



અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના ખાંભલીયા ગામે ાનનો શિકાર કરવા પાછળ દોડ લગાવતી એક સિંહણ ખુલ્લા કૂવામાં ખાબકતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આશ્ચર્યજનક બાબત એ રહી કે સિંહણ સાથે કૂવામાં ખાબકેલું ાન લગભગ પાંચ કલાક સુધી કુવામાં સાથે જ રહેવા છતાં સિંહણે ાનનો શિકાર કર્યો ના હતો. અંતે વનવિભાગે દિલધડક રેસ્કયુ ઓપરેશન હાથ ધરી બંનેને સલામત રીતે બહાર કાઢયા હતા.

મળતી માહિતી મુજબ ખાંભલીયા ગામે આતાભાઈ વાઘની વાડી વિસ્તારમાં એક સિંહણ ાનનો શિકાર કરવા તેમની પાછળ દોડ મુકી હતી. આ દરમિયાન ાન સિંહણથી બચવા માટે ભાગ્યું હતું અને આ બંને અચાનક આશરે ૫૦ ફૂટ ઊંડા પાણી ભરેલા ખુલ્લા કૂવામાં ખાબકયા હતા. કૂવામાં પાણી વધુ હોવાથી સિંહણ અને ાન બંને જીવ બચાવવા માટે સતત પ્રયાસો કરતાં રહ્યા હતા.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળેટોળા કૂવા પાસે એકત્રિત થયા હતા. બીજી તરફ વનવિભાગની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને રેસ્કયુ કામગીરી શરૂ કરી હતી. કૂવાની ઊંડાઈ અને તેમાં ભરાયેલા પાણીના કારણે બચાવ કામગીરી પડકારજનક બની હતી. વનકર્મીઓએ સાવચેતીપૂર્વક આયોજન કરી સૌ પ્રથમ સિંહણને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી.

સિંહણને બહાર કાઢયા બાદ વનવિભાગે ાનને પણ સફળતાપૂર્વક કૂવામાંથી બહાર કાઢી


**અનુસંધાન પાના ૬ ઉપર**



**અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી**
**અમરેલી માં...**
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. જતીન વખારિયા** કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. પાર્થ જોષી** MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | **ડો. શ્રેયા બુટાલા** MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | **ડો. પ્રિતિશ શાહ** એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી) કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ લક્ષણો: પગ માં સોજા ચડવા, બીપી, ડાયાબિટીસ, ભૂખ ઓછી લાગવી, પેશાબમાંથી પ્રોટીન જવું, ઉલટી, ઉબકા, હેડકી, પેશાબ ઓછો કે બંધ થઈ જવો, શ્વાસ ચડવો, તાણ આંચકી |

**આસ્થા હોસ્પિટલ**
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066



**શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ**
The King of catering service
**શ્યામ કેટરર્સ**
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



**સુશ્રુત** આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➡ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➡ માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➡ તમામ પ્રકારના વા (દુઃખાવા), સ્ત્રીરોગ ➡ વર્ષેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮



WAGH BAKRI SINCE 1892
Mili PREMIUM
સ્વાદ મસ્ત, બચત જબરદસ્ત
નવું ઉત્તમ બ્લેન્ડ
હાથથી ચૂંટેલી ચાની પત્તીઓ
કિફાયતી ભાવ
દમદાર ઑફર
250 ગ્રામ મિલી પ્રીમિયમ લીફ ટી સાથે 1 આકર્ષક વૉટર બૉટલ (₹119ના મૂલ્યની) ફ્રી

### એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલી, પાલિતાણા, રાજકોટ વિસ્તારમાંથી થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો

## આરોપી પાયલ ઉર્ફે પાયલો વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૧૫

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન મળેલ બાતમીના આધારે સાવરકુંડલા ગામે પીકઅપ બસ સ્ટેશન પાસે રહેતા જેન્તી ઉર્ફે પાયલ ઉર્ફે પાયલો હરજીભાઈ ઉર્ફે હરગોવન ઉર્ફે બાબુભાઈ બારીયા (ડામોર) નામના ઈસમને શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી પાડી, મોટર સાયકલ અંગે સઘન પુછપરછ કરતા પોતે અમરેલી સીટી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર તથા ભાવનગર જિલ્લામાંથી કુલ–૪ મોટર સાયકલો કુલ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦ની ચોરી કરેલ હોવાની કબુલાત આપતા તે ઈસમ પાસેથી ચોરી કરેલ મોટર સાયકલો કબ્જે કરી, ચોરીના મોટર સાયકલ અંગે અમરેલી સીટી–૧, નરોડા (અમદાવાદ શહેર) ૧, પ્રદ્યુમનનગર પોલિસ સ્ટેશન (રાજકોટ શહેર )–૧ મળી થયેલ કુલ–૩ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતામળેલ છે.



પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં પોતે આશરે દશેક દિવસ પહેલા અમરેલી શહેર, બહુમાળી ભવનના દરવાજા સામેથી એક મોટર સાયકલ નંબર જી.જે.–૦૩ એલસી–૩૬૩૯ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

એકાદ વર્ષ પહેલા અમદાવાદ શહેર વસંતપુરામાંથી મોટર સાયકલ નંબર જી.જે.–૦૧ જેજી–૭૬૪૮ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

ચારેક મહિના પહેલા રાજકોટના, પોપટપરા વિસ્તારમાંથી મોટર સાયકલ નંબર જી.જે.–૦૩ જે.જી.–૫૩૮૭ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હોય. જે અંગે ખરાઈ કરતા પ્રદ્યુમનનગર પોલિસ સ્ટેશન (રાજકોટ શહેર)માં ગુનો રજી થયેલ છે.

આશરે આંઠેક મહિના પહેલા ભાવનગર જિલ્લાના પાલીતાણામાંથી મોટર સાયકલ જેના નંબર જી.જે.–૦૪ ડીએચ–૩૨૩૯ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ છે.

પકડાયેલ આરોપી મજુરી અર્થે અલગ અલગ શહેર, જિલ્લાઓમાં જતો હતો અને મજુરી કામ માટે ત્યાં રોકાતો અને જયારે મજુરી કામ પુર્ણ કરી જવાનું હોય તે પહેલા જે જગ્યાએ રોકાયેલ હોય તે વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં હેન્ડલ લોક વગરના પાર્કીંગમાં પડેલ મોટર સાયકલ ડાયરેકટ કરીને બાદમાં ચોરી કરીને લઈ જવાની ટેવ વાળો છે.

### દામનગર નજીક આવેલ

# ઠાસા ગામે જુગાર રમતાં ૧ મહિલા સહિત ૫ પત્તાપ્રેમી ઝડપાયા

## સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી



અમરેલી, તા. ૧૫

દામનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલિસ ઈન્સ. એ.એમ. રાધનપરાની રાહબરી હેઠળ દામનગર પોલીસની ટીમ બનાવી કામગીરી હાથ ધરવામા આવેલ. જેમા ઠાંસા ગામે રહેતા વાસમા રામાભાઈ ઉકાભાઈ નાવડિયાના ઘરની આગળ જાહેર જગ્યામાં પૈસા તથા પાના વડે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે દરોડો કરી જુગાર રમી રહેલા કુંકાવાવ તાલુકાના તરઘડી ગામના નરેશભાઈ હિંમતભાઈ સોલંકી, ધર્મેશભાઈ જીણાભાઈ સોલંકી, ઠાંસા ગામના ભરતભાઈ ગોવિંદભાઈ નાવડીયા, હંસાબેન પરશોતમભાઈ નાવડીયા તથા ધોળા ગામના કિશનભાઈ પ્રવિણભાઈ ભીડભીડીયા સહિત પાંચ ઈસમોને રોકડા રૂપિયા ૧૦,૨૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### વિડીયોમાં હકીકત જણાવીને

# વડિયામાં ખેડૂતે કરેલી આત્મહત્યા પ્રકરણમાં ૨ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ

## મૃતકના પરિવારજનો પોલીસ સ્ટેશને દોડી ગયા

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં આવેલ વડીયાના ખેડૂતના આપઘાત મામલે બે સામેઈસમો સામે મરી જવા મજબુર કર્યાનો ગુનો નોંધાયો છે.

આ બનાવમાં મૃતક ખેડૂત મનસુખભાઈ જીણાભાઈ સોજીત્રાએ બે દિવસ પહેલા આપઘાતનો પ્રયાસ કરતા પહેલા એક વીડિયો વાયરલ કરીને પોતાની આપવીતી વ્યક્ત કરી હતી. વીડિયોમાં તેમણે ખેતરનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હોવાની અને લાંબા સમયથી સતત હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે બાલાભાઈ મનજીભાઈ સોજીત્રા અને ભાવેશભાઈ બાલાભાઈ સોજીત્રાના નામનો ઉલ્લેખ કરીને તેમના કારણે માનસિક ત્રાસ સહન કરવો પડી રહ્યો હોવાનો દાવો કર્યો હતો. મૃતક ખેડૂતના વીડિયોમાં જણાવ્યા મુજબ ખેતરનો રસ્તો બંધ કરવો ગાળો આપવી અને સતત દબાણ ઊભું કરવું જેવી બાબતોથી તેઓ ભારે પરેશાન હતા. આ લાંબા સમયની હેરાનગતિથી કંટાળીને તેમણે પોતાની વાડીમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.ગઈ કાલે મનસુખભાઈ જીણાભાઈ સોજીત્રાનું સારવાર દરમિયાન તેમનું ગોંડલ હોસ્પિટલમા





કરૂણ મોત નીપજયું હતુ.

મૃતકના પુત્ર નિકુંજભાઈ મનસુખભાઈએ આરોપી બાલાભાઈ મનજીભાઈ સોજીત્રા, ભાવેશભાઈ બાલાભાઈ સોજીત્રા સામે વડીયા પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધાવી છે. જેમા બરવાળા બાવળ રોડ ઉર ઘાટ નામે ઓળખાતી સીમમાં ચાર વિઘામાં આવેલ હોય અને જમીન મૃતકના વડીલોપાર્જીત હોય અને તે જમીનમાં અવર જવર કરવા માટે આરોપી બાલાભાઈ મનજીભાઈ સોજીત્રા ખેતરમાં જવાનો રસ્તો હોય અને જે જમીનમાં અવર જવર કરવા માટે આજથી ૨૦ વર્ષથી બોલાચાલી કરતા હતા.

છેલ્લા બે માસથી મૃતકને તેની ખેતીની જમીનમાં ખેતી કામ કરવા માટે આવવા જવવા બંધ કરતા મૃતકને તેમના ખેતરે જતા હોય ત્યારે અવાર નવાર મારી નાખવાની ધમકી આપી આરોપી બાલાભાઈ મનજીભાઈ સોજીત્રા, ભાવેશભાઈ સોજીત્રાએ મૃતક મનસુખભાઈને મરવા મજબુર કરતા તેમણે ઝેરી દવાના ટિકડા પી લેતા મનસુખભાઈ સોજીત્રાનુ મોતનિપજયું હતું.

### તાલુકા કોંગી પ્રમુખ વિપુલ પોંકિયાની માંગ

# અમરેલી પાલિકામાં જન્મ–મરણનાં દાખલાની બંધ પ્રક્રિયા શરૂ કરો

## મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૧૫

અમરેલીતાલુકાકોંગીપ્રમુખ વિપુલ પોંકિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકામાં આવતી જન્મ–મરણ શાખામાં છેલ્લા આઠેક દિવસથી સીઆરસી સોફ્ટવેર બંધ છે. જેનાથી અમરેલી જિલ્લામાં વસતા લોકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વધુમાં એક બાજુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા એડમિશન પ્રક્રિયા ચાલુ હોય જેમાં જન્મના બારકોડેટ પુરા નામવાળા દાખલા માંગવામાં આવી રહ્યા છે જે સીઆરસી



સોફ્ટવેર બંધ હોવાથી વાલીઓ અને સ્કૂલ બંનેની મુશ્કેલીમાં વધારો કરે છે. જેથી આ સોફ્ટવેર વહેલીતકે ચાલુ કારવવા અંતમાં માંગ કરીછે.

### શહેરમાં શોકનો માહોલ છવાયો

# બાબરાનાં અગ્રણી ઉદ્યોગપતિ શોકતભાઈ ગાંગાણીનાં માતૃશ્રી નૂરબાનુંબેનનું અવસાન

## આજે દફનવિધિ અને ગુરૂવારે સદ્ગતનું બેસણું યોજાશે

બાબરા, તા. ૧૫

બાબરા શહેરના જાણીતા જીનીંગ ઉદ્યોગપતિ, કોમી એકતાના હિમાયતી અને પરમ સેવાભાવી આગેવાન શોકતભાઈ ગાંગાણીના પૂજય માતૃશ્રી નૂરબાનુંબેન બરકતભાઈ ગાંગાણી (ઉ.વ. ૮૦)નું હૃદયરોગના હુમલાના કારણે દુઃખદ અવસાન થતાં ગાંગાણી પરિવાર સહિત સમગ્ર બાબરા શહેર, જીનીંગ ઉદ્યોગ જગત અને ખોજા સમાજમાં ગાઢ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

નૂરબાનુંબેન ગાંગાણી પોતાના સરળ સ્વભાવ, ઉદાર વિચારસરણી, ધાર્મિક વૃત્તિ અને માનવતાભર્યા જીવન માટે જાણીતા હતા. તેમણે જીવનભર પરિવાર સાથે સમાજને પણ સંસ્કાર, સદભાવના અને સહઅસ્તિત્વનો સંદેશ આપ્યો હતો. તેમના સ્નેહસભર વ્યક્તિત્વ અનેસૌનેસાથે લઈનેચાલવાની ભાવનાએ અનેક લોકોના હૃદયમાં આગવું સ્થાન બનાવ્યું હતું.



તેઓ પોતાના ચાર પુત્રો શોકતભાઈ ગાંગાણી, અનવરભાઈ ગાંગાણી, નવરોજભાઈ ગાંગાણી અને નાદિરભાઈ ગાંગાણીને વિલાપ કરતા છોડી ગયા છે. તેમના અવસાનથી ગાંગાણી પરિવારે પોતાના પરિવારની વડીલ છત્રછાયા ગુમાવી હોવાનું પરિવારજનોમાં દુઃખ સાથે વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

શહેરના અગ્રણી ઉદ્યોગપતિ શોકતભાઈ ગાંગાણીના માતૃશ્રીના અવસાનના સમાચાર પ્રસરી જતા જીનીંગ ઉદ્યોગનાઆગેવાનો, સામાજિક – ધાર્મિક સંસ્થાઓના હોદ્દેદારો, રાજકીય આગેવાનો તેમજ ખોજા સમાજના મોટી સંખ્યામાં આગેવાનો તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. સૌએ પરિવારજનોને સાંત્વના પાઠવી સ્વર્ગસ્થ નૂરબાનુંબેનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

નૂરબાનુંબેનના જીવન મૂલ્યો, સેવાભાવ અને સંસ્કારની અમૂલ્ય મૂડી ગાંગાણી પરિવાર માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.તેમના અવસાનથી માત્ર ગાંગાણી પરિવાર જ નહીં પરંતુ સમાજે પણ એક લાગણીસભર અને આદરણીય વડીલ ગુમાવ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

સ્વર્ગસ્થ નૂરબાનુંબેન ગાંગાણીની દફનવિધિ આજે મંગળવારના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે કરવામાં આવશે. તેમજ તા. ૧૮/૬/૨૦૨૬ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ખોજા સમાજની વાડી ખાતે સદગતનું બેસણું રાખવામાં આવ્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


### તાલુકા પંચાયતનાં સદસ્ય વાટલિયાની ચીમકી

# સાવરકુંડલા : દોલતી–ભમ્મર–વીજપડી માર્ગનું કામ શરૂ ન થાય તો આંદોલન કરાશે

## બબ્બે વખતે ભૂમિપૂજન થયું પણ કામ શરૂ થતું નથી

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા તાલુકા પંચાયતના સદસ્ય નિર્મળભાઈ વાટલિયાએ દોલતી, ભમ્મર, વીજપડી વચ્ચે માર્ગનું કામ શરૂ કરવા માંગ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, સાવરકુંડલાનું દોલતી થી ભમર અને વીજપડીને જોડતા અત્યંત મહત્વના માર્ગના નિર્માણ માટે બે વખત ભૂમિપૂજન કરવામાં આવ્યું હોવા છતાં આજદિન સુધી માર્ગનું કામ શરૂ ન થતાં સમગ્ર વિસ્તારની પ્રજામાં ભારે રોષ અને નિરાશા જોવા મળી રહી છે.

સ્થાનિક સ્વરાજ ચૂંટણી જાહેર થવાના આગલા દિવસે પણ આ માર્ગના કામનું ભૂમિપૂજન કરીને વિકાસના મોટા મોટા દાવા કરવામાં આવ્યા હતા.પરંતુ આજે લાંબો સમય વીતી ગયો હોવા છતાં માર્ગની હાલતમાં કોઈ સુધારો થયો નથી. હાલમાં રોડની સ્થિતિ અત્યંત કથળેલી છે. માર્ગ પર



ઠેર ઠેર મોટા ખાડાઓ પડી ગયા છે, અનેક જગ્યાએ રોડમાંથી સળિયા (સરિયા) બહાર આવી ગયા છે, જેના કારણે વાહન ચાલકો, વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દર્દીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન અકસ્માતનો ભય સતત રહે છે.

પરિણામે ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, દર્દીઓ તથા રોજિંદી અવરજવર કરતા હજારો લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

જનતાને હવે એવો પ્રશ્ન થાય છે કે જયારે બે વખત ભૂમિપૂજન થઈ ચૂકયું છે, ત્યારે હજુ સુધી કામ શરૂ કેમ કરવામાં આવ્યું નથી ? શું ભૂમિપૂજન માત્ર રાજકીય પ્રચાર અને લોકલુભાવન જાહેરાતો પૂરતું જ હતું ?

દોલતી–ભમર–વીજપડી માર્ગ વિસ્તારની જનતાની જીવનરેખા સમાન છે. આ માર્ગનું કામ વધુ વિલંબ વિના તાત્કાલિક શરૂ કરવામાં આવે અને તેની સમય મર્યાદા જાહેર કરવામાં આવે.

જો આગામી દિવસોમાં માર્ગનું કામ શરૂ કરવામાં નહીં આવે તો સ્થાનિક ગ્રામજનો સાથે મળી લોકશાહી ઢબે ઉગ્ર રજૂઆતો, ધરણાં અને આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્રની રહેશે.

# અમરેલી જિલ્લામાં વિકાસનાં વિવિધ આયામોને નજીકથી નિહાળતી પ્રથમ પ્રગતિપથ યાત્રાનું સમાપન



રાજય સરકારના સેવા, સુશાસન અને જનકલ્યાણનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત ''વિકસિત ભારતના સંકલ્પ સાથે જનકલ્યાણના ૧૨ વર્ષની ઉજવણી'' અંતર્ગત અમરેલી જિલ્લામાં યોજાયેલી પ્રગતિપથ યાત્રાનું જિલ્લા પ્રભારીમંત્રી અને રાજયના કૃષિ, સહકાર અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીનાં અધ્યક્ષ સ્થાને સમાપન થયું હતું. યાત્રા દરમિયાન જિલ્લાનાં વિવિધ વિકાસકાર્યો અને જનહિતનાં પ્રકલ્પોની મુલાકાત લઈ તેમની પ્રગતિનું અવલોકન કરવામાં આવ્યું હતું. આ પ્રગતિપથ યાત્રામાં ઊર્જા અને કાયદો વિભાગનાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, લાઠી–બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારી–બગસરા–ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિત જિલ્લાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા દરમિયાન અમરેલીની વિરાટ શેડ ધરાવતી એ.પી.એમ.સી.ની મુલાકાત લેવામાં આવી હતી. ઉપરાંત આશરે ૨૫ હેકટર વિસ્તારમાં વિકસાવવામાં આવેલા સાવરકુંડલાનાં અમૃત સરોવરની મુલાકાત લઈ ત્યાં હાથ ધરાયેલા વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા ખાતે જિલ્લા પ્રભારીમંત્રીનું સ્વાગત અને સત્કાર સમારંભ પણ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ સાવરકુંડલા શહેરને આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે હાથ ધરાયેલા પ્રયાસોની પ્રશંસા કરતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અમૃત સરોવર જેવા પ્રકલ્પો માત્ર જળસંચય માટે જ નહીં, પરંતુ પ્રવાસન, પર્યાવરણ સંરક્ષણ અને સ્થાનિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, સાવરકુંડલાનું અમૃત સરોવર પ્રથમ તબક્કામાં અંદાજે રૂા. ૫ કરોડનાં ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે, જયારે બીજા તબક્કામાં રૂા. ૯ કરોડનાં ખર્ચે તેના વધુ વિકાસના કાર્યો પ્રગતિ હેઠળ છે. પ્રગતિપથ યાત્રાના પ્રારંભ પૂર્વે અમરેલી ખાતે રાજય સરકારની વિવિધ વિકાસલક્ષી સિદ્ધિઓને ઉજાગર કરતું પ્રદર્શન પણ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જિલ્લા પ્રભારીમંત્રીએ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી વિવિધ વિભાગો દ્વારા રજૂ કરાયેલી વિકાસગાથાનું નિરીક્ષણ કર્યું હતું. પ્રદર્શનમાં અમરેલી જિલ્લાનાં શિક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિ, માર્ગ અને મકાન સુવિધાઓ, ગ્રામ અને શહેરી વિસ્તારોમાં થયેલું વીજળી કરણ, નંદઘર પ્રકલ્પો, સિંચાઈ અને જળસંપત્તિ ક્ષેત્રે થયેલા વિકાસ સહિતની સિદ્ધિઓને તસવીરો અને માહિતીના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. જિલ્લામાં વિકાસનાં વિવિધ આયામોને નજીકથી સમજવા અને જનકલ્યાણલક્ષી યોજનાઓના પરિણામોનું અવલોકન કરવા માટે યોજાયેલી આ પ્રગતિપથ યાત્રાએ વિકાસના કાર્યોને જનમાનસ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું જણાવ્યું હતું.

# અમરેલી ખાતે લોહાણા સમાજનાં વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા વિતરણ



અમરેલી ખાતે લોહાણા વિદ્યાર્થી જીવન ખાતે લોહાણા મહાપરિષદનાં અમરેલી, બોટાદ, ભાવનગર ઝોન ધ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ લોહાણા સમાજનાં ધો. ૧થી ૮ વિદ્યાર્થીઓને ૨૦ અને ધો. ૯થી ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૪૦ ચોપડાનું વિતરણ નજીવી રકમે કરવામાં આવેલ. આ તકે લોહાણા મહાપરિષદનાં સચિનભાઈ ઠક્કર, લોહાણા સમાજનાં પ્રમુખ ડો. ભરત કાનાબાર, ઉપપ્રમુખ ભાવેશ સોઢા, અમરેલી એક્સપ્રેસન તંત્રી મનોજ રૂપારેલ, લોહાણા સમાજનાં અગ્રણી સંજય વણઝારા, મોન્ટુભાઈ સોનપાલ, હિતેષ પોપટ તેમજ યુવા ટીમનાં યુવાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વન વિભાગની ખાસ ઝુંબેશ દરમિયાન

## ખાંભા તાલુકાનાં ખડાધાર ગામે ફ્રીજમાંથી મળ્યા સસલાનું માંસ અને અવશેષો

### આરોપી પાસેથી રૂપિયા ૩૦ હજારની એડવાન્સ રિકવરી કરવામાં આવી



અમરેલી તા. ૧૫

ગીર તથા કાંઠાની આસપાસના રેવન્યુ વિસ્તારોમાં વન્યપ્રાણી સંબંધિત ગુનાઓને અટકાવવા વન વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશદરમિયાન ખાંભા તાલુકાના ખડાધાર ગામે જંગલી કાળા સસલાના શિકારનો મામલો પ્રકાશમાં આવ્યો છે. જેમાં જંગલી કાળા સસલાનો શિકાર કરી પોતાના ઘરે ફ્રીજમાં સંગ્રહ કરેલ વ્યક્તિને ઝડપી પાડી તેમની વન વિભાગે કાર્યવાહી કરી આરોપી પાસેથી રૂા. ૩૦ હજારની એડવાન્સ રિકવરી વસૂલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ખાંભા તાલુકાના ખડાધાર ગામે અરવિંદભાઈ ભગવાનભાઈ ચૌહાણ નામના ઈસમે પોતાના ઘરે જંગલી કાળા સસલાનો શિકાર કરી તેનું માંસ ફ્રીજમાં સંગ્રહ કરી રાખ્યું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે તુલસીશ્યામ રેન્જના સ્ટાફે આરોપી અરવિંદભાઈના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપીના ઘરમાંથી જંગલી કાળા સસલા (Indian Hare) ના અવશેષો મળી આવ્યા હતા. જેના આધારે તુલસીશ્યામ રેન્જ હેઠળના પીપળવા રાઉન્ડમાં આજે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનો ખડાધાર રેવન્યુ વિસ્તારમાં કર્યો હોવાનું સ્વીકાર્યું હતું. આરોપી પાસેથી ગુના પેટે રૂપિયા ૩૦ હજારની એડવાન્સ રિકવરી વસૂલ કરવામાં આવી છે.વધુ તપાસ માટે જંગલી કાળા સસલાના માંસના નમૂનાઓ જસાધારસ્થિત એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવ્યા છે.

આ સમગ્ર કાર્યવાહી રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.પી.લકુમના માર્ગદર્શન હેઠળ વનપાલ એચ.એ. વાળા, એસ.ડી.આહિર, એસ.એચ. વરૂ તથા રેપિડ એકશન ટીમના વનરક્ષક પી.આઈ. સોલંકી સહિતની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરફેર સતત થઈ રહી છે

## બાબરાનાં ગ્રાઉન્ડ ચોકમાં વિદેશી દારૂની ૪૮૦ બોટલ ઝડપી લેવાઈ

### પોલીસે ૨.૪૯ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો



અમરેલી, તા. ૧૫

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આર.આર. પરમારની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન બાતમી મળેલ કે બાબરા ગામે ગ્રાઉન્ડ ચોકમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો નાખવા એક સિલ્વર કલરની ફોરવ્હીલ કાર આવતી હોય. જેથી પોલીસ સ્ટાફ અલગ અલગ ખાનગી વાહનોમાં બેસી હકિકતવાળી જગ્યાએ જઈ તપાસ કરતા એક સિલ્વર કલરની ફોરવ્હીલ કાર ઉભી હોય અને ગાડીમાં એક ઈસમ હાજર હોય જેને પોલીસે નીચે ઉતારી પુછપરછ કરી ગાડી ચેક કરતા તે ફોરવ્હીલ ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો પુઠ્ઠાના બોકસમાં તથા પ્લાસ્ટિકના કોથળામાં પેક કરેલ હોય. જેમાંથી પ્લાસ્ટિકની બોટલો ૧૮૦ મી.લી.ની બોટલ નંગ ૪૮૦ જેની કુલ કિંમત રૂપિયા ૪૭,૦૪૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૨૦૦૦ તથા કાર કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૪૯,૦૪૦નો મુદ્દામાલ સાથે ફોરવ્હીલ કારના ચાલક બાબરા ગામે દાનેવનગરમાં રહેતા ધર્મેન્દ્રભાઈ મનુભાઈ બસીયા તેમજ તેમના પાર્ટનર ભયલુભાઈ વલકુભાઈ બસીયા (રહે. નિલવડા), જયદીપભાઈ ઉર્ફે બાલો મુળુભાઈ વાળા (રહે. બાબરા) તથા વિવેકભાઈ પ્રવિણભાઈ પોપટ (રહે. બાબરા) વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬ (બી), ૮૧,૯૮(૨) હેઠળ કાર્યવાહી કરેલ હતી.


અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર
મકાન વેચવાનું છે
અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિક્સ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : 82006 38624

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૯, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Hero
SCOOTER EXCHANGE CARNIVAL
Exchange Discount ₹4000*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
EFFECTIVE PRICE OF ₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાય છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
₹71,015/-
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

# અમરેલી ખાતે પ્રભારીમંત્રી વાઘાણીની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ' સંમેલન યોજાયું





કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર ૨૧મી જૂન, ૨૦૨૬ સુધી વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અન્વયે આજરોજ અમરેલી સ્થિત શાંતાબા ઓડિટોરિયમ ખાતે પ્રભારીમંત્રી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ' સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય સર્વ જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, પૂર્વમંત્રી આર.સી. ફળદુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના છેલ્લા ૧૨ વર્ષનો સફળ કાર્યકાળ દેશ માટે અભૂતપૂર્વ પરિવર્તન, અદમ્ય વિાસ અને સર્વવ્યાપી વિકાસનું પ્રતીક રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દેશના દરેક નાગરિકના મનમાં એક નવો આત્મવિાસ જગાડયો છે. આ શાસનકાળ દરમિયાન દેશના આર્થિક, સામાજિક અને માળખાકીય ક્ષેત્રે ક્રાંતિકારી સુધારાઓ થયા છે. ડિજિટલ ઈન્ડિયા, સેલ્ફ–રિલાયન્ટ ઈન્ડિયા (આત્મનિર્ભર ભારત) અને મજબૂત વિદેશ નીતિ જેવા મહત્વના આયામોથી વૈકિ પટલ પર ભારતની શાખ અનેક ગણી વધી છે. સરકારે જનતા વચ્ચે જઈને વહીવટમાં પારદર્શિતા લાવી દેશમાં સાચી લોકશાહી અને સુશાસનની સ્થાપના કરી છે. આઉપરાંત જનકલ્યાણલક્ષી વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી પહોંચ્યો છે. 'વિકસિત ભારત સંકલ્પ' સંમેલનમાં સંબોધન કરતા જિલ્લા પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, વડાપ્રધાનએ દેશમાં સાચી લોકશાહી પ્રસ્થાપિત કરવાનું કામ કરીને દેશને અનેકવિધ જનકલ્યાણ કેન્દ્રિત વિકાસકાર્યોની ભેટ અર્પણ કરી છે. લોકકલ્યાણલક્ષી વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માણસના જીવનમાં પરિવર્તન લાવી રહ્યો છે. સાથે અનેક સામાજિક અભિયાનો થકી દેશને એકતાના મજબૂત સૂત્રમાં બાંધવાનું કામ પણ વડાપ્રધાનએ કર્યું છે, જેના થકી સમગ્ર વિમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. દુનિયા આજે ભારતની દરેક વાતને ગંભીરતાથી લઈ રહ્યું છે, આપણી આ વિકાસની યાત્રા થકી સમગ્ર દુનિયામાં ભારતના વિકાસની અને આપણી સહિયારી પ્રગતિની ચર્ચા છે. ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪થી અનેક પડકારો સામે લડીને દેશને વિકાસની યાત્રાએ આગળ ધપાવ્યો છે. હવે, વિકાસની નવી કેડી કંડારવામાં આવી છે. અમરેલી જિલ્લામાં પણ કરોડોના ખર્ચે વિવિધ વિકાસ પ્રકલ્પો આકાર પામી રહ્યા છે. શિક્ષણ હોય કે, આરોગ્ય, સરકાર દરેક ક્ષેત્રમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો મજબૂત પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રનું સપનું સાકાર કરશે એ વિાસ હવે દ્રઢ બની રહ્યો છે. રાજય સરકારમાં પૂર્વમંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું કે, સમર્થ રાષ્ટ્રના નિર્માણ માટે સામર્થ્યની ઉપાસના કરવી પડે છે. આ ઉપાસના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશવાસીઓ માટે કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન મોદીએ દેશમાં વિાસનું તત્વ જીવંત કર્યું છે. આજે દેશના નાગરિકો અનેક સામાજિક ઉન્નતિના અભિયાનો સાથે સીધા જ જોડાઈને રાષ્ટ્રના કલ્યાણની વિભાવનાને સાકાર કરી રહ્યા છે. આ તકે કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ કેન્દ્ર સરકારની સિદ્ધિઓની પ્રદર્શનીને અમરેલી સ્થિત સિનિયર સિટીઝન પાર્ક ખાતે ખુલ્લી મુકી હતી. 'વિકસિત ભારત સંકલ્પ' સંમેલનમાં જિલ્લામાં સ્પોટર્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર રમતવીરોને સન્માનિત કરવામાં આવ્યા હતા. 'વિકસિત ભારત સંકલ્પ' સંમેલનમાં અમરેલી જિલ્લા પંચાયતના હોદેદારો, તાલુકા પંચાયત પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા અને સભ્યો, અગ્રણીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, અમરેલી શહેર અને જિલ્લાના પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### જિલ્લાના આરોગ્ય અધિકારીના માર્ગદર્શનતળે

## અમરેલીના જેશીંગપરા કન્યા શાળા ખાતે ટીટેનેસ અને ડીપ્થેરીયા વેક્સિનેશનનો પ્રારંભ

### પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાની ઉપસ્થિતિ



અમરેલી, તા.૧૫

અમરેલીમાં સી.ડી.એચ.ઓ. આરસીએચઓ તેમજ ટીએચઓના માર્ગદર્શન હેઠળ આરબીએસકે ટીમ નંબર –૭૦૭ અને ૭૧૧ ડો.રાજુભાઈ કથીરિયા, ડો.રસીલાબેન તેમજ ડોકટર કિશન ગોહેલ, ડો.કિરણબેન, ફાર્મા.મૌલિકાબેન તેમજ ગુજનબેન તથા અર્બન હેલ્થ સેન્ટર–૩ ના સ્ટાફના સંયુકત ઉપક્રમે જેશીંગપરા કન્યાશાળા ખાતે ટીડી(ટીટેનસ અને ડીપ્થેરિયા) વેકિસનેશનનો શુભારંભ જેસીંગપરા કન્યા શાળા ખાતે અમરેલી નગરપાલિકાના નવનિયુકત પ્રમુખ શ્રીમતિ વૈશાલીબેન માંગરોળીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો જેમાં શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ શાળા આરોગ્ય યુનિટના બગડાભાઈ, બકુલભાઈ અને જિલ્લા નોડલ ડોકટર શૈલેષ પટેલનો વિશેષ સહયોગ મળેલ હતો.

### તળપદા કોળી સમાજ દ્વારા

## રાજકોટ : લગ્નોત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ યોજાશે

### આગામી ૨૮ જૂનના રોજ યોજાશે કાર્યક્રમ

અમરેલી, તા. ૧૫

રાજકોટ ખાતે મહિલા તળપદા કોળી સમાજ દ્વારા પમો વેવિશાળ મેળામાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત તળપદા કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક / યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૮/૬/૨૬ના રોજ આયોજન કરવામાં આવેલ છે.ફોર્મ માહિતી પ્રમુખ શ્રીમતી આરતીબેન આર. ગોહિલ, રામ એસ્ટેટ, જુના માર્કેટિંગ યાર્ડ અંદર 'હરીરામ' માર્કેટ, દુ.નં. B/F-13, પહેલો માળ, અમરેલી મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪, મો. ૯૩૭૪૭ ૩૭૮૨૦ તેમજ પરશોત્તમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭ સંપર્ક કરવા જણાવાયુ છે.

## સાવરકુંડલા માનવ મંદિરની દીકરીઓ માટે રૂપિયા ૧.૫૧ લાખનો સહયોગ



અમરેલી, તા. ૧૫

સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ ખાતે ભકિત રામ બાપુની પવિત્ર ઉપસ્થિતિમાં એક સેવાભાવી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ અને અગ્રણી નેતા હીરાભાઈ જોટવાએ માનવ મંદિર ખાતે દીકરીઓ માટે નિર્માણાધીન છાત્રાલય માટે રૂ. ૧,૫૧,૦૦૦નું યોગદાન અર્પણ કર્યું હતું.

માનવ મંદિર આશ્રમ દ્વારા વર્ષોથી સમાજસેવા, શિક્ષણ અને માનવકલ્યાણના વિવિધ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા પરિવારોની દીકરીઓને શિક્ષણ માટે યોગ્ય રહેઠાણ મળી રહે તે હેતુથી છાત્રાલયનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ મહત્વપૂર્ણ કાર્યમાં હીરાભાઈ જોટવાએ આપેલા યોગદાનને સૌએ વધાવી લીધું હતું.

કાર્યક્રમ દરમિયાન ભકિતરામ બાપુએ સમાજના સક્ષમ લોકો વધુમાં વધુ સેવા અને શિક્ષણના કાર્યોમાં જોડાય તેવી અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દીકરીઓના શિક્ષણ અને સશકિતકરણ માટે કરવામાં આવતું દરેક યોગદાન સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટેનું રોકાણ છે.

આ પ્રસંગે આશ્રમના આગેવાનો, સેવાભાવી દાતાઓ અને મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા. હીરાભાઈ જોટવાના આ સહયોગથી છાત્રાલયના નિર્માણ કાર્યને વધુ વેગ મળશે અને અનેક દીકરીઓને શિક્ષણ માટે ઉત્તમ સુવિધા ઉપલબ્ધ થશે.

### વેકેશન પૂર્ણ થતાં ગીત–સંગીતનાં સથવારે

## અમરેલી ખાતે શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત શાળા–કોલેજોનો દબદબાભેર પ્રારંભ

### વિદ્યાર્થીનીઓ ખુશીથી ઝૂમી ઉઠી



અમરેલી, તા.૧૫

અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ–કોલેજ–હોસ્ટેલ ખાતે સત્ર શુભારંભ નિમિત્તે ફિલ્મી ગીત અને લોકગીત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રશ્મીબેન પરમાર દ્વારા ફિલ્મી ગીતો અને લોકગીતો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા સત્રની શુભ શરૂઆત ઉજવણીમય માહોલમાં કરવામાં આવી હતી.

# સાવરકુંડલાનાં અમૃત સરોવર ખાતે પ્રભારી મંત્રી, રાજયમંત્રીએ કર્યુ વૃક્ષારોપણ



યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના સેવા અને પ્રગતિના અવસરે સાવરકુંડલા ખાતે 'પ્રગતિ પથ યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સાવરકુંડલામાં નવનિર્મિત અને આકર્ષણનું કેન્દ્ર બનેલા અમૃત સરોવર (ગ્રીન સ્પેસ ડેવલોપમેન્ટ વિથ અર્બન ફોરેસ્ટ પ્રોજેકટ)ની ગુજરાત સરકારના મંત્રી કૃષિ મંત્રી તેમજ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મુલાકાત લીધી હતી તેમજ પર્યાવરણના જતનના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના કૃષિ, ગ્રામ વિકાસ અને જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાસ ઉપસ્થિત રહીને સાવરકુંડલા શહેરી વિસ્તારમાં પર્યાવરણની રક્ષા કાજે તૈયાર કરાયેલ નવતર 'વન કવચ'ને ખુલ્લું મૂકયું હતું. આ મુલાકાત દરમિયાન અમૃત સરોવર ખાતે ચાલી રહેલા ગ્રીન સ્પેસ ડેવલોપમેન્ટ અને અર્બન ફોરેસ્ટના વિવિધ કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પ શહેરમાં હરિયાળી વધારવા, પર્યાવરણનું સંરક્ષણ કરવા અને નાગરિકોને સ્વચ્છ તથાપ્રાકૃતિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્ય માટેનો સંકલ્પ વ્યકત કર્યો હતો. ઉપસ્થિત આગેવાનોએ વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાની અપીલ પણ કરી હતી. પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ અમૃત સરોવર પ્રોજેકટની ભવ્યતા અને હરિયાળી જોઈને ભારે પ્રભાવિત થયેલા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, "જોતા જ આનંદ થાય અને અભિભૂત થઈ જવાય તેવું આ 'અમૃત સરોવર' ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તરફથી સાવરકુંડલાની જનતાને એક ભવ્ય અને ઐતિહાસિક ભેટ છે. ભાજપ યુવા મોરચાના સમયથી જ મારા સાથી એવા મહેશભાઈ કસવાલાની વિઝનરી દ્રષ્ટિ અને કાર્યક્ષમતાનો અદભુત લાભ આજે આ સમગ્ર વિસ્તારને મળી રહ્યો છે, જેનો આનંદ છે." અમુત સરોવર જેવા પ્રકલ્પો માત્ર શહેરની સુંદરતામાં વધારો કરતા નથી, પરંતુ પર્યાવરણ જાગૃતિ, જળ સંરક્ષણ, હરિયાળી અને ભાવિ પેઢી માટે ટકાઉ વિકાસના સંદેશને પણ મજબૂત બનાવે છે. આવા પ્રકલ્પો દ્વારા પ્રકૃતિ સાથે માનવજીવનનું સંતુલન જાળવી રાખવાનો મહત્વનો સંદેશ સમાજ સુધી પહોંચે છે. આ પ્રસંગે ગુજરાત સરકારના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોડવડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા, જે.વી. કાકડિયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત જિલ્લા ભાજપ સંગઠનના હોદેદારો, વિધાનસભાના જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકા તેમજ તાલુકા પંચાયતના હોદેદારોઓ, સદસ્યો, વિધાનસભા સભાના સંગઠનના હોદેદારો, સહીત સાવરકુંડલાના ગ્રામજનો, સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલા : યજ્ઞના પાવન વાતાવરણમાં રક્ષા શકિત ગર્લ્સ સ્કુલનો પ્રવેશોત્સવ યોજાયો






ચલાલા યુગ નિમાર્ણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત સ્કુલ ખાતે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ નિમિત્ત ધોરણ-૬માં પ્રવેશ મેળવનાર દિકરીઓ માટે સંસ્કારમય પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ વૈદિક મંત્રોચ્ચાર સાથે ગાયત્રી યજ્ઞ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવી દીકરીઓનું તિલક અને પુષ્પવર્ષા દ્વારા હાર્દિક સ્વાતગ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ગાયત્રી યજ્ઞ દ્વારા રહ્યું હતું. જેમાં દીકરીઓ તેમજ તેમના વાલીઓએ યજ્ઞમાં આહુતિ અર્પણ કરી હતી. યજ્ઞના પાવન વાતાવરણમાં માતા-પિતા અને દીકરીઓએ મળીને શિક્ષણ, સંસ્કાર અને ઉજજવળ ભવિષ્યના સંકલ્પો કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કારધામના શિલ્પી પ.પુ. સંત ડો. રતિદાદાની પ્રેરક ઉપસ્થિતિ સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. તેમણે દીકરીઓને જીવનમાં ઉચ્ચ આદર્શો, સંસ્કાર, શિસ્ત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. સાથે જ વાલીઓને દીકરીઓના શિક્ષણ અને સર્વાંગી વિકાસમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. ભારતભૂષણ મહેશભાઈએ જણાવ્યું હતું કે રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલમાં શિક્ષણ સાથે સંસ્કારોનું પર સિંચન કરવામાં આવે છે, જેથી દિકરીઓ સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરી આદર્શ નાગરિક બની શકે. પ્રવેશોત્સવ દરમિયાન દિકરીઓમાં નવા શૈક્ષણિક વર્ષ પ્રત્યે ઉત્સાહ, આનંદ અને આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભકિતમય, પ્રેરણાદાયી અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકમંડળ, વાલીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવા શૈક્ષણિક સત્રને સફળ અને સંસ્કારમય બનાવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને

## અમરેલી ખાતે ''વિકસિત ભારત સંકલ્પ અભિયાન'' અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ

### રાજયમંત્રી વેકરીયા સાંસદ સુતરીયા અને ધારાસભ્યોની પ્રેરક ઉપસ્થિતિ




અમરેલી, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'વિકસિત ભારતના અમૃતકાળ' અભિયાન અંતર્ગત આજે અમરેલી ખાતે રાજયના કૃષિ, સહકાર, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને અને ઉર્જા અને કાયદો રાજય મંત્રી કૌશિકભાઇ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પ્રસંગે પ્રધાનમંત્રીના ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશ અને ગુજરાતમાં થયેલા સર્વાંગી વિકાસ, જનકલ્યાણકારી યોજનાઓના વ્યાપક અમલીકરણ અને 'વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ નરેન્દ્રભાઈ મોદીના દઢ નેતૃત્વ હેઠળ ભારતે વિકાસ, સુશાસન, આત્મનિર્ભરતા અને વૈકિ પ્રતિષ્ઠાના નવા આયામો સ્થાપિત કર્યા છે. ''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિાસ અને સબકા પ્રયાસ''ના મંત્ર સાથે દેશ આજે વિકસિત ભારતના સંકલ્પ તરફ આત્મવિાસપૂર્વક આગળ વધી રહ્યો છે. છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં સફળતા મળી છે અને ગરીબ, ખેડૂત, મહિલા, યુવા તેમજ વંચિત વર્ગોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે.તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતને પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ અનેક ઐતિહાસિક વિકાસ પ્રકલ્પોની ભેટ મળી છે. સરદાર સરોવર ડેમને પૂર્ણ ક્ષમતાએ કાર્યરત બનાવવાથી લઈને સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ગિફટ સિટી, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેકટ, રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ, જામનગર ખાતે ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, દાહોદ ઈલેકિટ્રક લોકોમોટિવ પ્લાન્ટ, વડોદરા ખાતે કયુ૯પ એરક્રાફટ ઉત્પાદન એકમ અને કચ્છના ખાવડામાં વિના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક જેવા અનેક પ્રોજેકટસે ગુજરાતના વિકાસને નવી દિશા આપી છે. રાજય આજે સેમિકન્ડકટર, ગ્રીન એનર્જી, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર અને વૈકિ રોકાણોના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

પ્રભારી મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણમાં ગુજરાત દેશના અગ્રણી રાજયોમાં સ્થાન ધરાવે છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ લાખો મહિલાઓને નિઃશુલ્ક ગેસ કનેકશન, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કરોડો લાભાર્થીઓને મફત અનાજ, પી.એમ સ્વનિધિ યોજના હેઠળ હજારો શેરી ફેરિયાઓને આર્થિક સહાય, પી.એમ કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર પંપ, આયુષ્માન ભારત યોજના હેઠળ આરોગ્ય સુરક્ષા અને જનધન, મુદ્રા તથા વિકર્મા જેવી યોજનાઓ દ્વારા આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં સ્વચ્છ ભારત મિશન, અમૃત ભારત સ્ટેશન યોજના, સૂર્યઘર યોજના, કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થયેલા રોકાણો તથા માર્ગ અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચરના વિસ્તરણથી રાજયના સર્વાંગી વિકાસને ગતિ મળી છે. કેન્દ્ર સરકારના પ્રયાસોથી ગુજરાતમાં નવી મેડિકલ કોલેજો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો,એકસપ્રેસ-વે અને આધુનિક જાહેર સુવિધાઓનું માળખું વિસ્તર્યું છે તેવો વિાસ વ્યકત કર્યો હતો.અમરેલી જિલ્લાના વિકાસની માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાને બ્રોડગેજની સુવિધા, જિલ્લાના અમરેલી તેમજ સાવરકુંડલા ખાતે સ્પોર્ટ કોમ્પ્લેકસ, અમરેલી રાજમહેલ અને ટાવરનું રી-નોવેશન તેમજ રેસ્ટોરેશન સહિતના અનેકવિધ આધુનિક પ્રકલ્પોની ભેટ મળી છે. વિકસિત ગુજરાતમાં સંકલ્પ અને ચરિતાર્થ કરવા માટે અમરેલી જિલ્લો પણ પ્રગતિ કરી રહ્યો છે.આગામી વર્ષોમાં પણ ''વિકસિત ગુજરાતથી વિકસિત ભારત''ના ધ્યેય સાથે વિકાસયાત્રા વધુ વેગવંતી બનશે અને વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિનું અગ્રણી વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્ર અને રાજય સરકારો પ્રતિબધ્ધ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશે છેલ્લા ૧૨ વર્ષમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ માત્ર વિકાસના આંકડાઓ નથી, પરંતુ કરોડો દેશવાસીઓના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનનું પ્રતિબિંબ છે.પ્રેસ કોન્ફરન્સમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી-બાબરા મત વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા, ધારી- બગસરા-ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષા બહેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંગરોળીયા, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ કૃષિ મંત્રી આર.સી. ફળ દુ, જિલ્લાના જનપ્રતિનિધિઓ તથા પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલામાં તા.૧૬ જૂનના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી ખાસ રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો. ૧૦, ધો. ૧૨, કોઈપણ ગ્રેજયુએટ, ડિપ્લોમા ટેકનિશિયન, બી.એસ.સી, મશીન ઓપરેટર, ટ્રેઈની બી.ફાર્મ અને ઓટો મોબાઈલ ક્ષેત્રે શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માપ્રયમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ તા.૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ડુંગર રોડ, રાજુલા ખાતે ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, અનુબંધમ પોર્ટલ પર જે ઉમેદવારનું રજિસ્ટ્રેશન કરેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભરતીમેળામાં ભાગ લઈ શકશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક httsp://anubanbham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

### કપાસમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે

## વાવણી પહેલા અને વાવણી સમયે ખેડૂતોએ ખાસ પગલા લેવા

અમરેલી, તા. ૧૫

કપાસના પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે લેવાના પગલાં અંગે ખેડૂતોએ ખાસ પગલા લેવા ઉપરાંત માર્ગદર્શિકા અનુસરવી. જેમાં લાંબા ગાળે પાકની ફેરબદલી કરવી અને નાઈટ્રોજન, ફોસ્ફરસ તેમજ પોટાશનો પ્રમાણસર ઉપયોગ કરવો, લીલો પડવાશ, છાણિયું ખાતર હેકટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર પ્રતિ હેકટરસ ૨ ટન આપવું, અથવા એરંડીના ૫૦૦ કિ.ગ્રા ખોળમાં ૪ કિ.ગ્રા ટ્રાયકોડર્મા વિરીડી ૨.૫ કિ.ગ્રા પ્રતિ હેકટર ૧૦૦ કિ.ગ્રા છાણીયા ખાતર સાથે મીક્ષ કરી વાવણી સમયે ચાસમાં જમીનમાં ભેડ હોય ત્યારે આપવું.

કપાસમાં નવો સુકારો અતવા પેરાવિલ્ટ અટકાવવા હલકી જમીનમાં પાળા પદ્ધતિથી વાવેતર કરી સેન્દ્રિય ખાતરો પૂરતા પ્રમાણમાં આપવા. કપાસમાં સુકારાના નિયંત્રણ માટે આંતર પાક તરીકે મઠ, અડદ કે મકાઈ વાવવા અથવા જવાર, રાયડો અને બાજરીની ફેરબદલી કરવી હિતાવહ છે. આ ઉપરાંત, વાવણી સમયે બીજને ટ્રાયકોડર્મા હાર્જીયાનમ અથવા ટ્રાયકોડર્મા વિરીડી જેવા જૈવિક ફૂગ નિયંત્રકો (૧૦ ગ્રામ/કિલો) અથવા કાર્બોકઝીન ૩૭.૫ ટકા વત્તા થાઈરમ ૩૭.૫ ટકા ડીએસનાં મિશ્રણનો ૩.૫ ગ્રામ પ્રતિ કિ.ગ્રા બીજ મુજબ પટ આપી વાવેતર કરવું જોઈએ.

કપાસમાં ખૂણિયા ટપકા અને કેમ્પેસ્ટ્રીસ જેવા બીજજન્ય રોગો અટકાવવા માટે બીજની રૂવાંટી દૂર કરવી, એક કિ.ગ્રા બીજમાં ૧૦૦ મિલી ગંધકનો તેજાબ નાંખી ૨-૩ મિનિટ સતત હલાવી ત્યારબાદ બીજને પાંચથી છ વખત સાદા પાણીમાં ધોઈ ત્યારબાદ પારાયુકત દવાઓ (એગ્રોસાન, સેરેસાન, ઈમિસાન) પૈકી એક દવાનો ૨-૩ ગ્રામ પ્રતિ એક કિ.ગ્રા બીજ મુજબ પટ આપવો અથવા સ્યુડોમોનાસ ફલુરોસન્સ ૧૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા બીજ પ્રમાણે માવજત આપી વાવેતર કરવું. ખેડૂતોએ દવાના વપરાશ વખતે તેના લેબલ મુજબની કાળજી રાખવા અને વધુ માહિતી માટે સ્થાનિક ગ્રામસેવક, ખેતી અધિકારી અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવો ઉપરાંત વધુ જાણકારી માટે તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, નાયબ ખેતી નિયામક વિસ્તરણ અને તાલીમનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુંછે.

## સાવરકુંડલામાં છ દિવસીય નિઃશુલ્ક એકયુપ્રેશર સારવાર અને તાલીમ શિબિરનો પ્રારંભ

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા શહેર અને તાલુકાના નાગરિકોના સ્વાસ્થ્ય સુખાકારી માટે સાવરકુંડલાના સંધિ ચોક સ્થિત ઘેલાણી નિવાસ ખાતે આવેલા હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટર પર એક ભવ્ય અને નિઃશુલ્ક એક્યુપ્રેશર સારવાર તેમજ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ''દવા વિના દર્દ મુકિત તરફ એક કદમ''ના ઉમદા સૂત્ર સાથે યોજાઈ રહેલી આ શિબિરથી શરૂ થઈને આગામી તારીખ ૧૬ જૂન ૨૦૨૬ સુધી ચાલશે.

આ કેમ્પની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં મુંબઈના સુપ્રસિદ્ધ અને અનુભવી એકયુપ્રેશર ગુરૂજી નવનીતભાઈ શાહ અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા દર્દીઓને તપાસવામાં આવશે અને સારવાર આપવામાં આવશે. વિવિધ અસાધ્ય રોગો માટે અકસીર સારવાર આ શિબિરમાં કોઈપણ પ્રકારની દવા વગર, માત્ર શરીરના ઉર્જા કેન્દ્રોને સંતુલિત કરીને જટિલ રોગોમાંથી મુકિ અપાવવાનો પ્રયાસ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને : ગરદન, ખભા, પીઠ અને કમરના દુખાવા સંધિવા, સાંધાનો તેમજ ગોઠણનો અસહ્ય દુખાવો અને સાંધાની જકડાઈ જવી જૂની શરદી, સાયનસ અને આધાશીશી (માથાનો દુખાવો) બ્લડ પ્રેશર (લોહીનું દબાણ) અને ડાયાબિટીસ (મધુપ્રમેહ) ગેસ, એસિડિટી, ઝાડા અને કબજીયાત જેવા પેટના રોગો અનિદ્રા, ચક્કર આવવા, ઉલટી થવી, પાંડુરોગ અને




કંપવા (પાર્કિન્સન્સ) ઘેર બેઠા ઉપચાર માટે તાલીમ પણ આપવામાં આવશે કેમ્પમાં માત્ર સારવાર જ નહીં, પરંતુ લોકો ભવિષ્યમાં પણ નિરોગી રહી શકે તે માટે એકયુપ્રેશર પદ્ધતિના મહત્વના પોઈન્ટસ સરળતાથી શીખવવામાં આવશે. આ માટેનો સમયપત્રક નીચે મુજબ રાખવામાં આવ્યો છે : સારવાર (ચેક-અપ) નો સમય : સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી. સારવાર પદ્ધતિ શીખવવાનો (તાલીમ) સમય : બપોરે ૦૩:૦૦ થી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી. સ્થળ : હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટર, ઘેલાણી નિવાસ, સંધિ ચોક, સાવરકુંડલા. આ શિબિર તદ્દન નિઃશુલ્ક હોય, સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને આ સુવર્ણ તકનો મહત્તમ લાભ લેવા આયોજકો દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શિબિર અંગેની વધુ માહિતી કે પૂછપરછ માટે મોબાઈલ નંબર ૮૧૪૧૧ ૭૫૨૮૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### સાસંદ સુતરીયા અને ધારાસભ્ય તળાવિયા દ્વારા

## દામનગર ખાતે પીકઅપ સ્ટેન્ડ, ગાર્ડન અને સી.સી.રોડ સહિતનાં વિકાસકાર્યોનું લોકાર્પણ

### શહેરીજનોની સુવિધામાં વધારો કરતું પગલું




દામનગર, તા.૧૫

દામનગર શહેરના સર્વાંગી વિકાસને વધુ વેગ આપતા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે પીકઅપ બસ સ્ટેન્ડ, આધુનિક ગાર્ડન તેમજ સી.સી.રોડ સહિતના અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યોના લોકાર્પણથી દામનગર શહેરના નાગરિકોને વધુ સારી અને સુવિધાસભર જાહેર સેવાઓ ઉપલબ્ધ બનશે.કાર્યક્રમમાં રાજય સરકારના વિકાસમુખી અભિગમ અને લોકપ્રતિનિધિઓના સતત પ્રયાસોથી દામનગર શહેરમાં વિકાસના નવા આયામો સર્જાઈ રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં માર્ગ, સ્વચ્છતા, પરિવહન, બાગ-બગીચા અને મૂળ ભૂત સુવિધાઓના ક્ષેત્રે સતત કામગીરી કરવામાં આવી રહી છે, જેના પરિણામે નાગરિકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે.

નવનિર્મિત પીકઅપ બસ સ્ટેન્ડથી મુસાફરોને વધુ સુવિધા મળશે તેમજ જાહેર પરિવહન વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે. શહેરમાં વિકસાવવામાં આવેલ ગાર્ડન નાગરિકો, વડીલો અને બાળકો માટે મનોરંજન તથા આરોગ્યપ્રદ વાતાવરણ પૂરૂં પાડશે. ઉપરાંત નવા સી.સી.રોડના નિર્માણથી વાહનવ્યવહાર વધુ સરળ બનશે અને સ્થાનિક લોકોને લાંબા સમયથી અનુભવાતી મુશ્કેલીઓ માંથી રાહત મળશે.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે દામનગર શહેર અને સમગ્ર લાઠી - દામનગર વિસ્તારના વિકાસ માટે તેઓ સતત પ્રતિબદ્ધ છે અને આગામી સમયમાં પણ અનેક મહત્વપૂર્ણ વિકાસ કાર્યોને મંજૂરી અપાવી વિસ્તારને વધુ સુવિધાસભર બનાવવામાં આવશે. સાંસદ ભરતભાઈ સુતરિયાએ પણ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા જનહિતના કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી હોવાનું જણાવી વિકાસયાત્રામાં સૌના સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં જિલ્લા ભાજપના આગેવાનો, દામનગર શહેર ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના પદાધિકારીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, કાર્યકરો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત લોકોએ વિકાસ કાર્યો બદલ રાજય સરકાર, ધારાસભ્ય અને સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો.આ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ સાથે દામનગર શહેરના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સોપાન ઉમેરાયું છે અને શહેરને આધુનિક તથા સુવિધાસભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયું છે.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં

## લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે જન કલ્યાણ શિબિર કાર્યક્રમ યોજાયો

### સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માર્ગદર્શન



લીલીયા, તા. ૧૫

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં 'જન કલ્યાણ શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજયની જનતા સુધી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે અને સામાન્ય નાગરિકો તેનો મહત્તમ લાભ લઈ શકે તેવા ઉમદા આશય સાથે આ શિબિર યોજવામાં આવી હતી.કેન્દ્ર અને રાજય સરકારની પ્રમુખ યોજનાઓને સાંકળીને આયોજિત આ શિબિરનો મુખ્ય ઉદેશ્ય વિકસિત ભારત @ ૨૦૪૭'ના વડાપ્રધાનના સંકલ્પને સિધ્ધ કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત વહીવટી તંત્રને માર્ગદર્શન આપતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, સરકારની યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ સુધી સરળતાથી પહોંચવો જોઈએ. કાર્યક્રમમાં હાજર રહેલા વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપતાં જણાવ્યું હતું કે, વિસ્તારનો એક પણ નાગરિક સરકારી લાભોથી વંચિત ન રહેવો જોઈએ. અધિકારીઓએ પ્રોએકિટવ થઈને કામગીરી કરવી જેથી પ્રજાજનોને યોજનાઓનો લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકો સ્વનિર્ભર બને તે જ આ શિબિરનો સાચો હેતુ છે.

આ જન કલ્યાણ શિબિરમાં ગોઢાવદર અને આસપાસના વિસ્તારના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. આ તકે મામલતદાર એચ.બી. વાડા તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલ સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ તેમજ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ગેતમભાઈ વિછીયા, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, વિજય એન. ગજેરા, પ્રગ્નેશ રામાણી, ભાસ્કરભાઈ પટેલ, કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, વિજય ગજેરા, કેતન ઢાંકેચા, ધનસુખભાઈ નારોલા, ભરતભાઈ ઠુંમર, રમેશભાઈ પરમાર, ધર્મેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક આગેવાનો, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લાનાં વિવિધ સ્થળોની ''પ્રગતિપથ'' યાત્રા યોજાઈ










વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮મી જૂનથી ૨૧મી જૂન,૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો અન્વયે આજરોજ જિલ્લા પ્રભારી મંત્રી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં 'પ્રગતિપથ' યાત્રા યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ મહત્વપૂર્ણ વિકાસકાર્યો, સ્થળો અને જાહેર સુવિધા કેન્દ્રોની મુલાકાત લઈ વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ તકે સાંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય સર્વ જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાલા પ્રગતિપથ યાત્રામાં જોડાયા હતા. આ પ્રગતિપથ યાત્રા હેઠળ લાઠી સ્થિત કવિ કલાપી મ્યુઝિયમ અને ભવાની ગાર્ડન, જિલ્લા સ્પોટર્સ સંકુલ–લાલાવદર, અમરેલી સ્થિત રાજમહેલ પેલેસ અને ઐતિહાસિક ટાવર રીસ્ટોરેશન પ્રોજેકટ, આધુનિક આંતરમાળખાકીય સુવિધા ધરાવતું માર્કેટિંગ યાર્ડ, અમરેલી, સુવિકસિત અટલ સરોવર–સાવરકુંડલા અને પ્રવાસન સ્થળ આંબરડી સફારી પાર્ક–ધારી ખાતે મહાનુભાવોએ મુલાકાત કરીને વિકસિત સુવિધાઓ અને પ્રગતિલક્ષી વિકાસકામોની સમીક્ષા કરી હતી. આ યાત્રા દરમિયાન છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, માળખાગત સુવિધાઓના વિકાસ અને જિલ્લામાં સાકાર થયેલ મહત્વપૂર્ણ વિકાસકાર્યો અંગે માહિતી મેળવવામાં આવી હતી. આ સાથે વિકાસના લાભો છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે સરકારની પ્રતિબદ્ધતાને ઉજાગર કરવામાં આવી હતી. પ્રગતિપથ યાત્રાની સાથે અમરેલી સ્થિત સિનિયર સિટીઝન પાર્ક ખાતે કેન્દ્ર સરકારની છેલ્લા ૧૨ વર્ષની સિદ્ધિઓની ત્રણ દિવસીય પ્રદર્શનીનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નાગરિકો આ પ્રદર્શનીનમાં મુલાકાત કરીને સરકારની કાર્યપદ્ધતિ અને જનકલ્યાણની સફળતા વિષયક માહિતી મેળવી શકે છે. ''વિકાસની યાત્રા, પ્રગતિપથ યાત્રા''માં જિલ્લા પંચાયત હોદેદારોઓ, તાલુકા પંચાયત હોદેદારોઓ, રાજસ્વી મહાનુભાવો, સ્થાનિક પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, પ્રાંત અધિકારી નાકિયા, લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, જિલ્લા આંકડા અધિકારી ડી.એ. ગોહિલ સહિત અધિકારીઓ, નાગરિકો યાત્રામાં જોડાયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું સાબરમતી–વેરાવળ વચ્ચે

વડું મથક હોવા છતાં મુખ્ય બ્રોડગેજ રેલ્વે લાઈનથી વંચિત રહ્યો છે. ચિત્તલ રેલ્વે સ્ટેશન અમરેલી શહેરથી માત્ર ૧૭ કિલોમીટર જેટલા ટૂંકા અંતરે આવેલું છે અને ચિતલ રેલ્વે સ્ટેશન સડક માર્ગે ખૂબ જ ઉત્તમ રીતે જોડાયેલું છે. જો ચિત્તલ સ્ટેશને આ વંદે ભારત ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવે તો અમરેલી શહેર અને આસપાસની જનતા ખૂબ જ સરળતાથી અને ટૂંકા સમયમાં ચિત્તલ પહોંચીને ટ્રેન સેવાનો લાભ લઈ શકશે. આ સ્ટોપ વાસ્તવમાં અમરેલી શહેર માટેનું જ મુખ્ય સ્ટોપ સાબિત થશે.

**અન્ય મહાનગરો સાથે સીધી કનેકિટવિટી**

અમરેલીથી રોજ હજારોની સંખ્યામાં વેપારીઓ, રત્નકલાકારો, વિદ્યાર્થીઓ અને દર્દીઓ વ્યવસાય, શિક્ષણ અને આરોગ્યની સેવાઓ માટે અમદાવાદ તરફ પ્રયાણ કરે છે. ત્યારે ચિત્તલ ખાતે સ્ટોપ મળવાથી અમરેલી જિલ્લાની જનતાને પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ, જુનાગઢ અને અમદાવાદ (સાબરમતી) સુધીની આધુનિક, ઝડપી અને સુરક્ષિત ટ્રેન સુવિધા પ્રાપ્ત થશે. ઉપરાંત અમદાવાદ પહોંચ્યા બાદ અમરેલી સહિતના મોટા ભાગના જિલ્લના નાગરિકોને અમદાવાદથી બરોડા, સુરત, મુંબઈ, દિલ્હી, હરિદ્વાર જેવા દેશના પ્રમુખ ધાર્મિક અને વ્યાપારી કેન્દ્રો તરફ જવા માટેની કનેકિટવિટી પણ ખૂબ જ સરળતાથી મળી રહેશે જે અત્યાર સુધી ખૂબ મુશ્કેલ હતી.

**જિલ્લાના વિકાસને વેગ મળશે**

આ ચિતલ રેલ્વે સ્ટેશનને સ્ટોપેજ મંજૂર થવાથી માત્ર ચિત્તલ તથા અમરેલી જ નહીં, પણ સમગ્ર અમરેલી જિલ્લાના અર્થતંત્ર, વેપાર અને રોજગારને મોટો વેગ મળશે. મધ્યમવર્ગીય પરિવારો, સિનિયર સિટીઝનો અને મુસાફરોને લાંબી બસ મુસાફરીના થાક અને ખર્ચમાંથી મોટી રાહત મળશે.

પત્રના અંતમાં અમરેલી શહેર તથા સમગ્ર જિલ્લાની જનતાના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને આ વંદે ભારત ટ્રેનના સત્તાવાર સમયપત્રકમાં ચિત્તલ સ્ટેશનનો સ્ટોપ તરીકે સમાવેશ કરવામાં આવે તે માટે સાંસદ તરીકેના સ્તરેથી રેલ્વે બોર્ડ અને રેલ્વે મંત્રીને ખાસ રૂબરૂ અથવા પત્ર દ્વારા ભલામણ પત્ર પાઠવી ઘટતી મંજૂરી અપાવવા નમ્ર વિનંતી કરેલ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૯૦ | ૧૬૮૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૩૫ | ૧૯૭૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| ૫ | તલ કાળા | ૨૧૪૦ | ૩૭૮૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૮૪૦ | ૨૩૭૦ |
| ૭ | બાજરો | ૨૫૫ | ૪૫૦ |
| ૮ | જુવાર | ૪૨૦ | ૧૦૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૦ |
| ૧૧ | મકાઈ | ૩૦૦ | ૪૬૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૭૨૫ |
| ૧૩ | અડદ | ૧૪૮૫ | ૧૪૮૫ |
| ૧૪ | ચણા | ૮૭૦ | ૧૧૫૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૬૦ | ૧૧૭૫ |
| ૧૬ | વટાણા | ૫૦૦ | ૫૪૫ |
| ૧૭ | તુવેર | ૮૦૦ | ૧૪૭૫ |
| ૧૮ | વાલ | ૮૦૦ | ૧૪૫૦ |
| ૧૯ | કપાસ | ૧૦૩૫ | ૧૮૩૫ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ૨૧ | જીરૂ | ૨૦૫૦ | ૩૭૦૫ |
| ૨૨ | રાયડો | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૨૩ | રાય | ૧૦૧૫ | ૧૫૬૦ |
| ૨૪ | ધાણી | ૨૦૦૦ | ૨૬૫૦ |
| ૨૫ | અજમા | ૧૨૦૦ | ૨૮૦૦ |
| ૨૬ | મેથી | ૧૦૯૫ | ૧૫૦૫ |
| ૨૭ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૨૮ | વરીયાળી | ૧૪૩૦ | ૧૮૪૦ |

### તસ્કરોએ નવા ધંધાની શરૂઆત કરી

## લ્યો બોલો : રાજુલા પંથકમાં જુદા–જુદા વાહનોમાંથી ૧૨ નંગ બેટરીની ચોરી થઈ

### અજાણ્યા ઈસમે રૂપિયા ૭૮ હજારની બેટરીની ચોરી કરી

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના કથીવદર ગામે રહેતા લાલાભાઈ જીણાભાઈ વાઘ તથા અન્ય લોકોનાં વાહનો ગત તા. ૧૩નાં રાત્રિનાં કોઈપણ સમયે હિંડોરણા ગામે નેશનલ હાઈવે સર્વિસ રોડની બાજુમાં હોય તથા રાજુલા ટાઉનમાં રાખેલ અલગ અલગ વાહનોનમાંથી કુલ બેટરી નંગ–૧૨ અલગ અલગ કંપનીની બેટરીની આશરે રૂપિયા ૭૮,૦૪૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૮ ઉપરનું ચાલું જુના સાવર ગામનાં આધેડ ખેડૂત

વન વિભાગ અને પોલીસ વિભાગ ઘટનાં સ્થળે દોડી ગયો.

સમી સાંજથી ખેડૂતની શોધખોળ શરૂ કરવામાં આવતાં ખેડૂતનાં પેન્ટ અને શર્ટ મળી આવ્યા હતા. અને આસપાસમાં વન્ય પ્રાણીઓનાં પગનાં ચિન્હો મળતા તપાસની ગતિ તેજ થઈ છે. વન્ય પ્રાણી ખેડૂતને ઉપાડી ગયાની આશંકા વર્તાઈ રહી છે.

### પાના ૧ ઉપરનું ચાલું અંતે સિંહણ અને શ્વાન બંને કુવામાં

તેનો જીવ પણ બચાવ્યો હતો. સમગ્ર રેસ્કયુ દરમિયાન સ્થાનિકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

વનવિભાગના અધિકારીઓએ સિંહણની પ્રાથમિક તબિયત તપાસ કર્યા બાદ વધુ નિરીક્ષણ અને આરોગ્ય ચકાસણી માટે તેને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી હતી. આ ઘટનામાં સિંહણ અને ાન બંનેનો આબાદ બચાવ થતાં સ્થાનિક લોકોએ વનવિભાગની કામગીરીને બિરદાવી હતી.

ખુલ્લા કૂવાઓ જંગલી પ્રાણીઓ માટે જોખમરૂપ બનતા હોવાના મુદ્દે પણ આ ઘટના બાદ ફરી ચર્ચા શરૂ થઈ છે. વન્યજીવ પ્રેમીઓએ આવા કૂવાઓને સુરક્ષિત બનાવવા જરૂરી પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૨૬ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૭૫ |
| ૩ | શીંગ દાણા | ૧૫૫૦ | ૧૯૦૨ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૨૧ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ૬ | જીરૂ | ૨૯૦૦ | ૩૬૦૦ |
| ૭ | કપાસ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૭૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | તુવેર | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ૧૮ | મેથી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| ૧૯ | ધાણા | ૧૯૦૦ | ૨૫૦૦ |
| ૨૦ | સોયાબીન | ૧૧૦૦ | ૧૨૦૦ |

### દારૂનો ધંધો ઘરબેઠા શરૂ કર્યો

## સાવરકુંડલાની ભાવના સોસાયટીમાં રહેણાંક મકાનમાંથી દારૂની ૬૨ બોટલ ઝડપાઈ

### સ્થાનિક પોલીસે આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા ગામે ગુરૂકુળ રોડ ઉપર આવેલ ભાવના સોસાયટીમાં રહેતા કલ્પેશભાઈ બાલુભાઈ બોસમીયાએ ગેરકાયદે વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની–મોટી પ્લાસ્ટીકની બોટલો નંગ–૬૨ કિંમત રૂપિયા ૧૮,૧૦૦ તેમજ બીયર ટીન નં.–૨૧ કિંમત રૂપિયા ૨૫૨૦ મળી કુલ રૂપિયા ૨૦,૬૨૦નાં મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૧૮૬૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૨૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૩૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૯૦ | ૨૩૪૦ |
| ૫ | તલ કાળા | ૨૮૪૫ | ૩૫૯૫ |
| ૬ | જીરૂ | ૨૯૭૦ | ૩૭૮૦ |
| ૭ | ચણા | ૧૧૩૮ | ૧૧૬૨ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૯ | તુવેર | ૧૧૩૦ | ૧૨૮૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૭૦ | ૧૨૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૩ |
| ૩ | જુવાર | ૫૦૦ | ૮૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૭ | ૪૬૦ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૬ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૭ | તલ કાળા | ૩૧૫૫ | ૩૧૫૫ |
| ૮ | ધાણા | ૧૯૦૦ | ૨૮૦૦ |
| ૯ | અડદ | ૮૫૫ | ૮૫૫ |
| ૧૦ | મગ | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૧૧ | સોયાબીન | ૯૮૦ | ૧૪૫૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૪૨૫ | ૨૫૦૧ |
| ૧૩ | શીંગ દાણા | ૧૪૫૫ | ૧૮૦૦ |
| ૧૪ | લસણ | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | ચણા છોલે | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૬ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૭ | વાલ | ૬૩૫ | ૬૩૫ |

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં બે આખલાઓ સામસામે

વાહનચાલકોના ાસ અધ્ધર થઈ ગયા હતા.

બંને આખલાઓ વચ્ચેનો આક્રોશ જોઈને સ્થાનિક લોકોએ અનુમાન લગાવ્યું કે ગરમીના કારણે કદાચ તેઓ ઉશ્કેરાયા છે. આથી, મામલો શાંત પાડવા માટે લોકોએ દૂરથી જ બંનેના શરીર પર પાણીનો ભારે છંટકાવ કર્યો હતો. પરંતુ, આખલાઓ જાણે એકબીજાના ખૂનના પ્યાસા બન્યા હોય તેમ પાણીની પણ કોઈ અસર થઈ ન હતી. બંનેમાંથી એક પણ આખલો નમતું જોખવા કે પાછો હટવા તૈયાર ન હતો.

એક તરફ લોકો ગાયોને ચારો નાખી પુણ્ય કમાઈ રહ્યા હતા, ત્યારે બીજી તરફ નંદી મહારાજનું આવું રૌદ્ર સ્વરૂપ અને તે પણ સ્મશાનની બરોબર સામે, એ સ્થાનિકોમાં ભારે કૌતુક અને ચર્ચાનો વિષય બન્યું હતું. લાંબા સમય સુધી ચાલેલા આ યુદ્ધના કારણે થોડો સમય ટ્રાફિક વ્યવસ્થામાં પણ થોડો ભય સર્જાયો.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૨૪ | ૪૫૬ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૧૪૪ |
| ૫ | તુવેર | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૬ | ધાણા | ૧૩૫૦ | ૨૩૯૦ |
| ૭ | મગ | ૧૫૭૧ | ૧૫૭૧ |
| ૮ | તલ સફેદ | ૨૩૨૫ | ૨૩૯૫ |
| ૯ | તલ કાળા | ૨૫૧૦ | ૨૭૦૦ |
| ૧૦ | કલોંજી | ૨૬૨૫ | ૨૬૨૫ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૦૫૧ | ૨૨૫૦ |
| ૧૨ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | રાઈ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૪ | સોયાબીન | ૧૧૩૦ | ૧૨૪૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૨ | ૧૩૬૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૮૧ |
| ૩ | તલ કાળા | ૨૭૦૨ | ૨૮૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૫૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૦ |
| ૭ | જુવાર | ૫૬૦ | ૧૧૨૯ |
| ૮ | મગ | ૧૬૦૦ | ૧૬૫૭ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૦ | ચણા | ૭૦૧ | ૧૧૨૧ |
| ૧૧ | મેથી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૧૨ | રાય | ૧૩૨૭ | ૧૩૨૭ |
| ૧૩ | અજમા | ૧૮૦૦ | ૨૨૫૨ |

## કોંગ્રેસના ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાનું નિવેદન

# ખેડૂતોના અધિકારોની રક્ષા માટે વિધાનસભાથી સડક સુધી લડત ચાલુ રહેશે

**ખેતરમાં જબરદસ્તીથી વીજપોલ નાખી પુરતું વળતર ન આપી ખેડૂતો સાથે અન્યાય કર્યો**

**અંગ્રેજોની નીતિથી ચાલતી ભાજપ સરકારના અન્યાયના વિરૂધ્ધમાં ખેડૂતોની અધિકાર યાત્રા યોજાઈ**

**રાજ્યનાં તમામ ખેડૂતોના દેવા સંપૂર્ણ માફ કરવાનો સમય આવ્યો છે**

**કોંગ્રેસપક્ષે હંમેશા ખેડૂતોની મદદ કરીને તેના હિતમાં કાર્ય કર્યુ છે**






અમદાવાદ, તા. ૧૫

અમદાવાદમાં આયોજિત ખેડૂતોની મહારેલી અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યું કે, ગુજરાતમાં જાણે બ્રિટિશ શાસન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જયાં જગતના તાત સમાન ખેડૂતોને ખુલ્લેઆમ લુંટવામાં આવી રહ્યા છે. ભાજપ સરકાર અંગ્રેજોની નીતિઓ અપનાવીને અન્નદાતાઓ પર અમાનુષી અત્યાચારો ગુજારી રહી છે. પોલીસ અને વહીવટી તંત્રનો દુરૂપયોગ કરીને ખેડૂતોને ધમકાવવામાં અને ડરાવવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, ખેડૂતોની વિવિધ ન્યાયિક માંગણીઓ માટે ગુજરાત કોંગ્રેસ અને સંખ્યાબંધ ખેડૂત સંગઠનો ગાંધીનગર તરફ કુચ કરી રહ્યા છે. પરંતુ ભાજપ તેમને રોકવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ ખેડૂતોના હક માટે લડાઈ લડશે અને તેમનો અવાજ વધુ બુલંદ કરશે. ખેડૂતોના જમીન સંપાદન, વીજપાલ અને પાકવળતર જેવા ન્યાયિક મુદ્દાઓ અને તેમની પડતર માંગણીઓનું સંપૂર્ણ સમર્થન કરે છે. ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓને કારણે આજે જગતનો તાત પોતાના હક માટે રસ્તા પર આવીને આંદોલન કરવા મજબુર બન્યો છે. કોંગ્રેસ પણ હંમેશા ખેડૂતોને અધિકારોની રક્ષા માટે વિધાનસભાથી લઈને સડક સુધી લડત લડતી આવી છે અને ભવિષ્યમાં પણ લડતી રહેશે. બીજી તરફ આમ આદમી પાર્ટીનાં નેતા અને કાર્યકરતાએ ખેડૂતોને આંદોલનને પોતાના સ્વાર્થ માટે રાજકીય રંગ આપવાના અને હંગામો મચાવીને ખેડૂતોની માંગને નબળા પાડવાના પ્રયાસો કર્યો હતો. કોંગ્રેસ સખત શબ્દોમાં નિંદા કરે છે. ખેડૂતોની લડત રાજનીતિથી પર હોવી જોઈએ અને પક્ષા પક્ષી અને પોતાના અંગત સ્વાર્થ માટે અન્નદાતાનાં સંઘર્ષનો દુરૂપયોગ કરવો જોઈએ નહીં.

### ખાનગી બેન્કમાં નોકરી કરતા અને

## અમરેલીમાં મૈત્રી કરાર કરનારા યુવક ઉપર જીવલેણ હુમલો

**પોલીસે ૪ વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો**

અમરેલી, તા. ૧૫

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ક્રિષ્નાપાર્ક સોસાયટીના બ્લોક નંબર ૧૪ માં રહેતા અને આઈ સી આઈ સી આઈ બેંકમાં નોકરી કરતા આકાશભાઈ કમલેશભાઈ ત્રિવેદી નામના ૨૯ વર્ષીય યુવકે બોટાદ ગામે રહેતા અરવિંદભાઈ કરશનભાઈ ગોદાવરીયાની પત્ની ક્રિષ્નાબેન ગોદાવરીયા સાથે આશરે બે મહિના પહેલા મૈત્રી કરાર કરેલ હોય અને તે ત્યાંથી તેણી યુવક સાથે રહેતી હતી. જેથી આરોપી અરવિંદભાઈ અવાર નવાર ફોન કરી યુવકને ધમકી આપતો હતા. તેમજ આજથી આશરે વીસ દિવસ પહેલા અરવિંદભાઈ તેમની પત્ની ક્રિષ્નાને તેડી ગયેલ પણ હતા.

તેમની પત્ની આ અરવિંદભાઈના ત્રાસથી રીસામણે જતા રહેલ હોય જે વાતનું મનદુઃખ રાખી ગત તા.૧૪ના રોજ બપોરે આરોપી અરવિંદભાઈ તથા તેની સાથે બીજા ત્રણ અજાણ્યા માણસોએ યુવક પોતાના ઘરે જતો હોય ત્યારે રસ્તામાં કાવતરૂ કરી આરોપીઓએ પોતાના હવાલા વાળી ફોરવ્હીલ ગાડી રસ્તા વચ્ચે નાખી હતી. અને આ ચારેય જણા ગાડીમાંથી લાકડી તથા લોખંડના પાઈપ વડે યુવકને મારી નાખવાના ઈરાદે યુવકના બંને પગમાં નળાના ભાગે તથા માથાના ભાગે આડેધડ ઘા મારી તથા માથાના જમણી બાજુમાં ગંભીર ઈજાઓ કરી હેમરેજ તથા ફેકચર કરી દીધાની યુવકે અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાંથી

## કોટડાપીઠા ખાતે ગ્રામ પંચાયત દ્વારા વિકાસ કાર્યોનો ધમધમાટ

**ગ્રામજનોમાં ખુશીનો માહોલ**




કોટડાપીઠા, તા. ૧૫

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે પંદરમાં નાણાપંચમાંથી અંદાજે રૂા. અગીયાર લાખનાં ખર્ચે ગામનાં બસસ્ટેન્ડથી મેઈન બજાર, આંબલી ચોક સુધીનાં આર.સી.સી. રોડનું કામ પૂર્ણ થયેલ છે. આમ કોટડાપીઠા ગ્રામ પંચાયતનાં સરપંચ સત્યજીભાઈ વાળા, ઉપસરપંચ જે.બી. રાદડીયા, હાર્દીક ગજેરા તેમજ ગ્રામ પંચાયતનાં સદસ્યોની દેખરેખ હેઠળ ગામમાં પેવર બ્લોક, સી.સી. રોડ જેવા અનેક વિકાસ કાર્યો થતા ગ્રામ જનતામાં વિકાસનાં કાર્યોથી હર્ષની લાગણી ફેલાયેલ છે તેમજ આ કાર્યમાં ગામનાં આગેવાનો દ્વારા સહયોગ સાપડવા આવેલ છે.

## લીલીયા મોટા : સરકારી કોલેજનાં NCC કેડેરે નેશનલ એડવેન્ચર કેમ્પમાં સફળતા મેળવી





લીલીયા મોટા, તા.૧૫

લિલિયા મોટાની સરકારી વિનયન અને વાણિજય કોલેજ,ના એન.સી.સી. યુનિટ માટે અત્યંત આનંદ અને ગર્વની વાત છે કે, કોલેજના એનસીસી ના તેજસ્વી કેડેટ કોરાડિયા તુષાર પી.એ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હેઠળના પ્રતિષ્ઠિત સંસ્થાન NIMAS (NationaL INstitute of Mountaineering and allied Sports), અરૂણાચલ પ્રદેશ ખાતે આયોજિત રાષ્ટ્રીય સ્તરના 'સ્પેશિયલ એડવેન્ચર કોર્સ' માં સફળતા પૂર્વક સહભાગી થઈ કોલેજનું ગૌરવ વધાર્યુ તા. ૩૧ મે થી ૯ જૂન, ૨૦૨૬ સુધીના દસ દિવસીય આ કઠિન અને સાહસિક અભ્યાસક્રમ દરમિયાન કેડેટ તુષાર કોરાડિયાએ શારીરિક અને માનસિક ક્ષમતાના ઉત્કૃષ્ટ ઉદાહરણો પૂરા પાડયા હતા. આ કેમ્પમાં તેમણે મુખ્યત્વે નીચેની પ્રવૃત્તિઓમાં નિપુણતા મેળવી હતી જેમાં રોમાંચક વોલ કલાઈમ્બિંગ : ઉચ્ચ શિખરો અને કૃત્રિમ દીવાલો પર ટેકનિકલપકડ અને ચઢાણની તાલીમ. દુર્ગમ માઉન્ટ ટ્રેકિંગ : અરૂણાચલના પહાડી વિસ્તારોમાં ટ્રેકિંગ કરી શારીરિક ક્ષમતા અને ધૈર્યનું પરીક્ષણ. સાહસિક રિવર ક્રોસિંગ : વહેતી નદીઓને સુરક્ષિત રીતે પાર કરવાની પદ્ધતિઓનું જીવંત માર્ગદર્શન. આ સમગ્ર સફળતા પાછળ કોલેજના આચાર્ય ડો.રાજેન્દ્રસિંહ એ.રાઠોડનું દૂરંદેશી નેતૃત્વ અને પ્રેરણા મુખ્ય સ્ત્રોત રહ્યા છે. તેમની માર્ગદર્શક ભૂમિકા હેઠળ, એન.સી.સી. ઓફિસર ડો.મહેશ એસ.ગઢિયા સતત વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ તાલીમ આપી રહ્યા છે. એન.સી.સી. યુનિટનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર શારીરિક સજ્જતા જ નહીં, પરંતુ યુવાનોમાં દેશભક્તિ, પરોપકાર અને અતૂટ સાહસની ભાવના વિકસિત કરવાનો છે, જેનું ઉત્તમ ઉદાહરણ કેડેટ તુષારની આ સિદ્ધિ છે. આ સિદ્ધિ બદલ સમગ્ર કોલેજ પરિવાર તેમજ લિલિયા પંથકના શિક્ષણ પ્રેમીઓએ તુષાર કોરાડિયાને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### આચાર્યની બદલીની માંગ સાથે શિક્ષણનો બહિષ્કાર

## ઉના : ગીર ગઢડા તાલુકાનાં પાંડેરીમાં શિક્ષણ મુદ્દે વાલીઓનો હલ્લાબોલ

**TPEOએ તપાસ અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલવાની કરી જાહેરાત**





ઉના, તા. ૧૫

ગીર સોમનાથ જિલ્લાનાં ગીર ગઢડા તાલુકાનાં સમરસ પાંડેરી ગામની સરકારી પ્રાથમિક શાળામાં આચાર્યની કામગીરી સામે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો છે. સોમવારે ગામના તમામ વાલીઓએ સામૂહિક રીતે શાળાનો બહિષ્કાર કરતા એકપણ વિદ્યાર્થી અભ્યાસ માટે શાળાએ પહોંચ્યો નહોતો. આચાર્યની કથિત મનમાની, નબળી કામગીરી અને કથળતા શિક્ષણ સ્તરને લઈને ગ્રામજનોએ શાળા બહાર વિરોધ નોંધાવી તેમની તાત્કાલિક બદલી કરવાની માંગ ઉઠાવી છે.

આશરે ૧૧૦૦ની વસતી ધરાવતા સમરસ પાંડેરી ગામમાં શાળાના પ્રશ્ને સમગ્ર ગામ એકમત થઈ વિરોધનાં મેદાનમાં ઉતર્યુ છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન શાળામાં ૧૦૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, જયારે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને માત્ર ૮૨ રહી છે. વાલીઓનો આક્ષેપ છે કે આચાર્ય દ્વારા નિયમિત અને ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવતું નથી તેમજ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની બેઠક પણ નિયમ મુજબ બોલાવવામાં આવતી નથી.

ગામના સરપંચ મનોજભાઈએ જણાવ્યું કે, જયાં સુધી હાલના આચાર્યની બદલી નહીં થાય અને શાળાની કામગીરીમાં સુધારો નહીં થાય ત્યાં સુધી કોઈપણ વાલી પોતાના બાળકોને શાળાએ મોકલશે નહીં. સાથે જ આગામી પ્રવેશોત્સવનો બહિષ્કાર કરવાની અને જરૂર પડશે તો તમામ વિદ્યાર્થીઓના સામૂહિક લિવિંગ સર્ટિફિકેટ કઢાવવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

બીજી તરફ આચાર્ય માનસિંહભાઈ બારડે પોતાના પર લાગેલા આક્ષેપોને નકારી કાઢતાં જણાવ્યું કે તેઓ નિયમ મુજબ ફરજ બજાવી રહ્યા છે અને વાલીઓના વિરોધને કારણે વિદ્યાર્થીઓ શાળાએ આવ્યા નથી.

આ સમગ્ર મામલે ગીર ગઢડા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પારસ હીરપરાએ જણાવ્યું કે છેલ્લા ૧૫ દિવસથી ગ્રામજનો દ્વારા આચાર્યની બદલીની માંગ કરવામાં આવી રહી છે. હાલ ગ્રામજનોના નિવેદનો લેવામાં આવ્યા છે અને સમગ્ર અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલવામાં આવશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અહેવાલનાં આધારે આગળની કાર્યવાહી અને નિર્ણય લેશે. તેમણે વધુમાં જણાવ્યું કે આચાર્ય સામે મનમાની અથવા અન્ય કોઈ બેદરકારીનાં આક્ષેપો તપાસમાં સાચા ઠરશે તો નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી પણ કરવામાં આવશે.

# અમરેલી ખાતે નગરપાલિકા દ્વારા ''સ્વચ્છતા રેલી'' યોજાઈ







સ્વચ્છ ગુજરાત–પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા તા. ૧૩/૬/૨૦૨૬ના રોજ શહેરમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી ભવ્ય સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં આર્યભટ્ટ પ્રાથમિક શાળા, કન્યા શાળા નં. ૧, કન્યા શાળા નં. ૨, પોલીસ લાઈન પ્રાથમિક શાળા, માણેકપરા પ્રાથમિક શાળા, સુખનાથ પરા પ્રાથમિક શાળા તથા મ્યુનિસિપલ ગર્લ્સ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ઉપરાંત અમરેલી નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રેલીનો પ્રારંભ અમરેલી નગરપાલિકા કચેરી ખાતેથી કરવામાં આવ્યો હતો. રેલી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા, પ્લાસ્ટિકનાં ઉપયોગમાં ઘટાડો, પર્યાવરણ સંરક્ષણ અને કચરાનાં યોગ્ય નિકાલ અંગેના વિવિધ સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો પર પસાર થયેલી આ રેલી દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્તિ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નાગરિકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા, જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા તથા સ્વચ્છ અને હરિત શહેરનાં નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા રેલી સ્વચ્છ ગુજરાત – પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાનના ઉદ્દેશોને જનજન સુધી પહોંચાડવામાં સફળ રહી હતી અને શહેરનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, નગરપાલિકાનાં કર્મચારીઓ તેમજ નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે સકારાત્મક સંદેશ ફેલાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
કેશલેસ સારવાર
24/7 Emergency Services
GUVNL
ડો. ભાર્ગવ ટી. નિમાવત
M.S. Orthopedics, F.I.J.R.
ડો. ઋત્વીજ
MS (ENT)
કાન, નાક, ગળા ના નિષ્ણાંત
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## બંને આખલાઓ એકબીજાને ભરી પીવા મેદાનમાં ઉતર્યા હોય તેવો માહોલ

# સાવરકુંડલામાં બે આખલાઓ સામસામે ટકરાયા

**શહેરીજનોએ આખલા વચ્ચે શરૂ થયેલ યુધ્ધને ડામવા પાણીનો મારો કર્યો**

**એક તરફ ગાયોને નીરણ અપાતું હતું અને બીજી તરફ ગૌવંશ આખલાઓ વચ્ચે ટક્કર જામી**

**વિકસિત ભારત, વિકસિત ગુજરાતની ગુલબાંગો વચ્ચે રખડતા પશુઓની હાલત અતિ કફોડી**

**થોડી વાર માટે ટ્રાફિક સમસ્યા પણ ઉભી થઈ અંતે મામલો શાંત થયો**





સાવરકુંડલા, તા. ૧૫
આજે સોમવતી અમાસ અને પવિત્ર અધિકમાસની પૂર્ણાહુતિનો ત્રિવેણી સંગમ હોઈ, વ્હેલી સવારથી જ સાવરકુંડલા પંથકમાં ભકિત અને દાન-પુણ્યનો માહોલ જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓ સવારથી સાંજ સુધી ગાયોને ઘાસચારો નીરવામાં, તેમજ સાધુ-સંતો અને બ્રાહ્મણોને યથાશકિત દાન-દક્ષિણા આપવામાં લીન જોવા મળ્યા હતા. સમગ્ર વાતાવરણમાં એક તરફ ધાર્મિક શાંતિ વર્તાતી હતી, ત્યારે બીજી તરફ શહેરના એક માર્ગ પર હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.

બરોબર એ જ સમયે સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલા સ્મશાનની બિલકુલ સામે એક આશ્ચર્યજનક અને ભયાનક દ્રશ્ય જોવા મળ્યું હતું. જાણે બાપે માર્યા વેર હોય તેમ બે આખલાઓ સામસામે આકરા યુદ્ધે ચડયા હતા. બંને આખલાઓ એકબીજાપર એવા તૂટી પડયા હતા કે રસ્તે ચાલતા રાહદારીઓ અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સમગ્ર પંથકમાં ચકચાર જગાવતી ઘટના

## જુના સાવર ગામનાં આધેડ ખેડૂત છેલ્લા પાંચ દિવસથી ગાયબ થયા

### લાપતા ખેડૂતનાં પેન્ટ-શર્ટ મળી આવ્યા

અમરેલી, તા. ૧૫
સાવરકુંડલાનાં જુના સાવર ગામનાં ખેડૂત દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈ છેલ્લા પાંચ દિવસથી લાપતા થયાની જાણ થતાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,38,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

### આઝાદીનાં ૮૦ વર્ષ બાદ પણ જિલ્લાને રેલ્વે વિભાગ દ્વારા અન્યાય

## અન્યાય : સાબરમતી-વેરાવળ વચ્ચે આગામી દિવસોમાં શરૂ થનાર ''વંદે ભારત'' ટ્રેનને અમરેલી જિલ્લામાં સ્ટોપ નહી

### ચિતલ, વડિયા સહિતનાં સ્ટેશન ઉપર સ્ટોપ આપવા માંગ

અમરેલી, તા. ૧૫
અમરેલી શહેર વર્ષોથી બ્રોડગેજ રેલ્વે મેળવવા માટે આંદોલન ચલાવી રહ્યું છે. પરંતુ અમરેલી શહેરને આઝાદીના આટલા વર્ષો પછી પણ બ્રોડગેજ રેલ્વે મળી નથી. રાજકીય નેતાઓ તો કહેતા આવ્યા છે કે, અમરેલીથી ૧૭ કી.મી. દૂર ચિતલ બ્રોડગેજ આવી તે અમરેલી બ્રોડગેજ રેલ્વે આવી ગણાય. ત્યારે હવે 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એકસપ્રેસ' ટ્રેન આ ચિતલ ગામમાંથી પસાર થવાની છે. તે ટ્રેઈનને ચિતલ રેલ્વે સ્ટેશનને સ્ટોપ મળે તેવું કરી આપવા માટે અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા અમરેલીના સાંસદ ભરત સુતરીયા સમક્ષ માંગ કરવામાં આવી છે.

આ અંગે અમરેલી મિશન બ્રોડગેજના પ્રમુખ રાજેશ ગાંધીએ અમરેલીના સાંસદને લખેલ પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં મીડિયાના અહેવાલો (ઈમેજ.પીએનજીના રેફરન્સ મુજબ) દ્વારા જાણવા મળ્યું છે કે, પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની




સુવિધા માટે 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એકસપ્રેસ' ટ્રેનનો રૂટ બદલવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવા રૂટ અંતર્ગત આ પ્રતિષ્ઠિત ટ્રેન હવે સાબરમતીથી ધોળકા, બોટાદ, ઢસા અને જૂનાગઢ થઈને ચાલનાર છે. રેલ્વે પ્રશાસનનો આ નિર્ણય ભાવનગર, બોટાદ તથા અમરેલી જિલ્લાના આંતરિક વિસ્તારો માટે ખૂબ જ આવકારદાયક છે.

આ 'સાબરમતી-વેરાવળ વંદે ભારત એકસપ્રેસ' ટ્રેન નવા રૂટના અમલીકરણની સાથે જ અમરેલી જિલ્લા અને ખાસ કરીને અમરેલી શહેરની જનતા માટે વર્ષો જૂની રેલ્વે સુવિધાની ખોટ પુરાવવાની એક સુવર્ણ તક ઊભી થઈ છે. આ સંદર્ભે 'અમરેલી મિશન બ્રોડગેજ' સંસ્થા વતી સમગ્ર વિસ્તારના નાગરિકોના વ્યાપક હિતમાં એક અત્યંત મહત્વની રજૂઆત કરી છે.

**અમરેલી શહેર અને ચિત્તલની ભૌગોલિક નિકટતા**

અમરેલી જિલ્લો એક મોટું

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. વિરલ વસાણી - ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત - તા. ૧૮/૦૬/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય વિઠલાણી - કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત - તા. ૧૯/૦૬/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા - એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત - તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
ડો. મૈત્રેય જોષી - યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ, કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત - તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૬
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કા મ ક ૮ ૮
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક. ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
★★★★★
★★★
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)